


| ટીમ | મેચ | જીત | હાર | રદ | પોઇન્ટ | નેટ રન |
|---|---|---|---|---|---|---|
| PBKS | 6 | 5 | 0 | 1 | 11 | 1.420 |
| RCB | 5 | 4 | 1 | 0 | 8 | 1.503 |
| RR | 6 | 4 | 2 | 0 | 8 | 0.599 |
| SRH | 6 | 3 | 3 | 0 | 6 | 0.566 |
| DC | 4 | 2 | 2 | 0 | 4 | 0.322 |
| GT | 6 | 3 | 3 | 0 | 6 | 0.310 |
| MI | 6 | 2 | 4 | 0 | 4 | 0.067 |
| CSK | 6 | 2 | 4 | 0 | 4 | -0.780 |
| LSG | 6 | 2 | 4 | 0 | 4 | -1.173 |
| KKR | 7 | 1 | 5 | 1 | 3 | -0.879 |

# સનરાઈઝર્સે દિલ્હી સામે મૂક્યો 243 રનનો લક્ષ્યાંક

**અભિષેકની** નોટઆઉટ સદીની મદદથી સનરાઇઝર્સે 242 રન બનાવી હાલની સિઝનનો ત્રીજો મોટો સ્કોર બનાવ્યો

**અભિષેક** શર્માએ ટ્રેવિસ હેડ, ઇશાન કિશન અને હેનરિક ક્લાસેન સાથે એમ ત્રણ અર્ધશતકીય ભાગીદારીઓ નોંધાવી



હૈદરાબાદ, તા. 21 : આઈપીએલમાં આજે મંગળવારે અહીં રમાયેલી એક મેચમાં અભિષેક શર્માની નોટઆઉટ સદી ઉપરાંત ટ્રેવિસ હેડ, ઈશાન કિશન અને હેનરિક ક્લાસેન સાથેની તેની ત્રણ અર્ધશતકીય ભાગીદારીઓની મદદથી સનરાઈઝર્સ હૈદરાબાદે બે વિકેટે 242 રન બનાવીને હાલની આઈપીએલ સિઝનનો ત્રીજો સૌથી મોટો સ્કોર બનાવ્યો હતો અને દિલ્હી કેપિટલ્સની સામે 243 રનનો લક્ષ્યાંક મૂક્યો હતો.

દિલ્હી કેપિટલ્સે ટોસ જીતીને ફિલ્ડીંગ કરવાનો નિર્ણય કર્યા પછી સનરાઈઝર્સના ઓપનર અભિષેક તેમજ હેડે મળીને ટીમને જોરદાર શરૂઆત અપાવી 97 રનની ભાગીદારી કરી હતી. હેડ 26 બોલમાં 37 રન કરીને આઉટ થયો પછી અભિષેકે ઈશાન સાથે મળીને 79 રનની ભાગીદારી કરી હતી, ઈશાન 13 બોલમાં 25 રન કરીને આઉટ થયો હતો અને તે પછી અંતિમ 5.2 ઓવરમાં અભિષેક અને ક્લાસેને મળીને 68 રન ઉમેરીને ટીમનો સ્કોર 242 રન સુધી પહોંચાડ્યો હતો. અભિષેક 68 બોલમાં 10 છગ્ગા અને 10 ચોગ્ગાની મદદથી 135 રન બનાવીને નોટઆઉટ રહ્યો હતો, તેની સાથે જ ક્લાસેન 13 બોલમાં ત્રણ છગ્ગા અને ત્રણ ચોગ્ગાની મદદથી 37 રને નોટઆઉટ રહ્યો હતો. દિલ્હી કેપિટલ્સ વતી એકમાત્ર અક્ષર પટેલે એક વિકેટ ઉપાડી હતી.

### અભિષેક શર્માનો હાલની આઇપીએલનો સર્વાધિક વ્યક્તિગત સ્કોરનો રેકોર્ડ

દિલ્હી કેપિટલ્સ સામેની આજની મેચમાં સનરાઇઝર્સ વતી 68 બોલમાં 135 રનની નોટઆઉટ ઇનિંગ રમીને અભિષેક શર્માએ હાલની આઇપીએલ સિઝનમાં અત્યાર સુધી રમાયેલી મેચને ધ્યાને લેતા સર્વાધિક વ્યક્તિગત સ્કોરનો રેકોર્ડ પોતાના નામે કર્યો હતો. આ પહેલા ચેન્નાઇ સુપર કિંગ્સના સંજૂ સેમસને દિલ્હી કેપિટલ્સની સામે જ રમેલી 115 રનની નોટઆઉટ ઇનિંગ અત્યાર સુધી સર્વાધિક વ્યક્તિગત સ્કોરનો રેકોર્ડ હતી.

**IPL 2026માં સર્વાધિક વ્યક્તિગત સ્કોરના રેકોર્ડ**

| ખેલાડી | ટીમ | હરીફ ટીમ | બોલ | સ્કોર | સ્થળ |
|---|---|---|---|---|---|
| અભિષેક શર્મા | SRH | DC | 68 | 135* | હૈદરાબાદ |
| સંજૂ સેમસન | CSK | DC | 56 | 115* | ચેન્નાઇ |
| ક્વિન્ટન ડિ કોક | MI | PBKS | 60 | 112* | મુંબઇ |
| તિલક વર્મા | MI | GT | 45 | 101* | અમદાવાદ |
| પ્રિયાંશ આર્ય | PBKS | LSG | 37 | 93 | મલ્લાનપુર |

| સનરાઇઝર્સ હૈદરાબાદ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| અભિષેક નોટઆઉટ | 135 | 68 | 10 | 10 |
| હેડ કો.રિઝવી બો.અક્ષર | 37 | 26 | 2 | 2 |
| કિશન રનઆઉટ | 25 | 13 | 2 | 1 |
| ક્લાસેન નોટઆઉટ | 37 | 13 | 3 | 3 |
| વધારાના | 8 | | | |
| કુલ (20 ઓવરમાં બે વિકેટે) | 242 | | | |

**વિકેટપતન :** 1/97, 2/176

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| મુકેશ કુમાર | 4 | 0 | 53 | 0 |
| નીતિશ રાણા | 4 | 0 | 55 | 0 |
| લુંગી એન્ગીડી | 4 | 0 | 41 | 0 |
| અક્ષર પટેલ | 2 | 0 | 23 | 1 |
| કુલદીપ યાદવ | 2 | 0 | 30 | 0 |
| ટી નટરાજન | 4 | 0 | 40 | 0 |

# સંઘર્ષરત LSG સામે આજે રાજસ્થાન રોયલ્સ જીતના માર્ગે વાપસી કરવા માગશે

**સતત** ચાર જીત પછી સતત બે હારને કારણે અવરોધાયેલા અભિયાનને રાજસ્થાન રોયલ્સ ફરી પાટે ચઢાવવા ઇચ્છશે

**સાંજે** 7.30 વાગ્યાથી મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટ્સ નેટવર્ક અને લાઇવ સ્ટ્રીમીંગ જીયો હોટસ્ટાર પર



લખનૌ, તા. 21 (પીટીઆઈ) : આઈપીએલમાં આવતીકાલે બુધવારે અહીં રાજસ્થાન રોયલ્સ જ્યારે લખનૌ સુપર જાયન્ટ્સ (એલએસજી) સામે મેદાને ઉતરશે ત્યારે સતત મળેલી બે હારને પાછળ છોડી તેમના શરૂઆતના પ્રદર્શનમાંથી પ્રેરણા લઈને તેઓ જીતના માર્ગે પાછા ફરવાનો પ્રયાસ કરશે.

રાજસ્થાન રોયલ્સ હાલમાં પોઈન્ટ ટેબલમાં ત્રીજા સ્થાને છે. 2008ના ચેમ્પિયને તેમના અભિયાનની શરૂઆત સતત ચાર જીત સાથે કરી હતી, પરંતુ તેઓ તેમની છેલ્લી બે મેચ હાર્યા છે. પહેલા સનરાઈઝર્સ હૈદરાબાદે તેમને 57 રનથી હરાવ્યું. તે પછી કોલકાતા નાઈટ રાઈડર્સ (કેકેઆર) સામેની પાછલી મેચમાં સારી સ્થિતિનો લાભ લેવામાં તે નિષ્ફળ ગયું અને રિન્કુ સિંહે શાનદાર પ્રદર્શન કરીને મેચનું પરિણામ પલટી નાખ્યું.

રાજસ્થાન રોયલ્સની ફિલ્ડિંગ ચિંતાનો વિષય છે. પાછલી મેચમાં, નાન્દ્રે બર્ગરે રિંકુ સિંહનો આઠ રન પર છોડેલો કેચ ટીમ માટે મોંઘો સાબિત થયો હતો. રિંકુએ અનુકુલ રોય સાથે મળીને અંતિમ ઓવરોમાં મેચ કેકેઆરના પક્ષમાં ફેરવી દીધી હતી. રાજસ્થાન રોયલ્સની બેટિંગમાં સાતત્યનો અભાવ રહ્યો છે. સનરાઈઝર્સ સામે તેમનો ટોપ ઓર્ડર નિષ્ફળ ગયો, જ્યારે કેકેઆર સામે, તેમના મધ્યમ અને નીચલા ક્રમના બેટ્સમેન ઓપનર વૈભવ સૂર્યવંશી અને યશસ્વી જયસ્વાલની સારી શરૂઆતનો લાભ લેવામાં નિષ્ફળ ગયા. છેલ્લી બે મેચ હારી જવા છતાં, રાજસ્થાન રોયલ્સ એલએસજી સામે મજબૂત દેખાય છે, જે સતત ત્રણ હાર બાદ નવમા સ્થાને છે.

# CSKને મોટો ફટકો : આયુષ મ્હાત્રે હેમસ્ટ્રિંગ ખેંચાતા IPLમાંથી બહાર

**આયુષને** ઈજામાંથી સ્વસ્થ થવા માટે છ થી 12 અઠવાડિયા સુધી રિહેબિલિટેશનની જરૂર પડશે

નવી દિલ્હી, તા. 21 (પીટીઆઈ) : આઈપીએલની હાલની સિઝનમાં માંડ માંડ જીતના માર્ગે પાછી ફરેલી ચેન્નાઈ સુપર કિંગ્સ (સીએસકે)નો બેટ્સમેન આયુષ મ્હાત્રે હેમસ્ટ્રિંગના ખેંચાતા આઈપીએલની વર્તમાન સીઝનની બાકીની મેચોમાંથી બહાર થઈ જતાં પાંચ વખતની ચેમ્પિયન ટીમને મોટો ફટકો પડ્યો છે.

સનરાઈઝર્સ હૈદરાબાદ સામેની 18 એપ્રિલની સીએસકેની છેલ્લી મેચ દરમિયાન મ્હાત્રે ઈજાગ્રસ્ત થયો હતો અને તેને છ થી ૧૨ અઠવાડિયા સુધી રિહેબિલિટેશન કરાવવું પડશે. સીએસકેએ સોશિયલ મીડિયા પર જણાવ્યું હતું કે સનરાઈઝર્સ સામેની મેચ દરમિયાન બેટિંગ કરતી વખતે ડાબા હેમસ્ટ્રિંગમાં ખેંચાણને કારણે આયુષ મ્હાત્રે આઈપીએલ 2026ની બાકીની મેચોમાંથી બહાર થઇ ગયો છે.

ફ્રેન્ચાઇઝીએ જણાવ્યું હતું કે આયુષને ઈજામાંથી સ્વસ્થ થવા માટે છ થી 12 અઠવાડિયા સુધી પુનર્વસનની જરૂર પડશે. 18 વર્ષીય બેટ્સમેન સનરાઇઝર્સ હૈદરાબાદ સામે ઈમ્પેક્ટ પ્લેયર તરીકે રમ્યો હતો. સનરાઇઝર્સે મેચ ૧૦ રનથી જીતી હતી.

સીએસકે બેટિંગ કોચ માઈક હસીએ મેચ પછીની પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે દુર્ભાગ્યવશ, તે ખૂબ જ ખરાબ દેખાઈ રહ્યો છે. તેની ગેરહાજરી અમારા માટે એક મોટું નુકસાન હશે કારણ કે તે ખૂબ જ સારા ફોર્મમાં હતો. મ્હાત્રેએ આ સિઝનમાં છ મેચમાં 177.87ના સ્ટ્રાઈક રેટથી 201 રન બનાવ્યા છે. સીએસકે અત્યાર સુધી તેમની છ મેચમાંથી ચાર હારી ગઈ છે અને પોઈન્ટ ટેબલમાં આઠમા ક્રમે છે.

# લોરિયસ એવોર્ડ : અલ્કારાઝ અને સબાલેન્કા પ્લેયર ઓફ ધ યર જાહેર

**ભારતીય** મહિલા ટીમને પછાડી ફ્રેન્ચ ફૂટબોલ ક્લબ PSG ટીમ ઓફ ધ યર બની

**યામલ** યંગ પ્લેયર ઓફ ધ યર અને લેન્ડો નોરિસ શ્રેષ્ઠ ઉભરતો ખેલાડી જાહેર



મેડ્રિડ, તા. 21 (એપી) : લોરિયસ એવોર્ડ્સમાં ટેનિસ ખેલાડીઓ કાર્લોસ અલ્કારાઝ અને આર્યના સબાલેન્કાને સ્પોર્ટ્સમેન અને સ્પોર્ટ્સવુમન ઓફ ધ યર જાહેર કરવામાં આવ્યા હતા જ્યારે ફ્રેન્ચ ફૂટબોલ ક્લબ પેરિસ સેન્ટ-જર્મન (પીએસજી) ને ટીમ ઓફ ધ યર જાહેર કરવામાં આવી હતી, એ ઉલ્લેખનીય છે કે ટીમ ઓફ ધ યર માટે વન ડે વર્લ્ડકપ વિજેતા ભારતીય મહિલા ટીમ પણ રેસમાં હતી પણ તેને એ એવોર્ડ મળ્યો નહોતો. સ્પેનિશ રાજધાનીમાં આયોજિત આ એવોર્ડ સમારોહનું હોસ્ટિંગ ટેનિસ દિગ્ગજ નોવાક જોકોવિચ અને ફ્રી સ્ટાઈલ સ્કીઅર ઈલીન ગુ દ્વારા કરવામાં આવ્યું હતું.

ગયા વર્ષે અલ્કારાઝે ફ્રેન્ચ ઓપન અને યુએસ ઓપન તેમજ આ વર્ષે જાન્યુઆરીમાં ઓસ્ટ્રેલિયન ઓપન જીત્યું હતું. વિશ્વની નંબર વન મહિલા ખેલાડી સબાલેન્કાએ ગયા વર્ષે સતત બીજી યુએસ ઓપન જીતી હતી. પીએસજી 2025 માં પ્રથમ વખત યુરોપિયન ક્લબ ફૂટબોલ ટુર્નામેન્ટ ચેમ્પિયન્સ લીગનો ખિતાબ જીતવામાં સફળ રહ્યું.

આ મહિને પોતાના માસ્ટર્સ ટાઇટલનો સફળતાપૂર્વક બચાવ કરનાર ગોલ્ફર રોરી મેકઈલરોયને કમબેક ઓફ ધ યર એવોર્ડથી નવાજવામાં આવ્યા હતા. બાર્સેલોના અને સ્પેનના સ્ટાર ફૂટબોલર 18 વર્ષીય લેમિન યામાલે યંગ પ્લેયર ઓફ ધ યરનો એવોર્ડ જીત્યો જ્યારે ફોર્મ્યુલા વન ચેમ્પિયન લેન્ડો નોરિસને વિશ્વના શ્રેષ્ઠ ઉભરતા ખેલાડી તરીકે વર્લ્ડ બ્રેકથ્રુ ઓફ ધ યર એવોર્ડ જીત્યો હતો.

જર્મન ફૂટબોલ દિગ્ગજ ટોની ક્રૂસને વર્લ્ડ સ્પોર્ટ્સ ઈન્સ્પિરેશન એવોર્ડ મળ્યો જ્યારે દિગ્ગજ જિમ્નાસ્ટ નાદિયા કોમાનેસીને 'લાઈફટાઈમ એચિવમેન્ટ' એવોર્ડ આપવામાં આવ્યો. અમેરિકન સ્નોબોર્ડર ક્લો કિમને વર્લ્ડ એક્શન સ્પોર્ટ્સપર્સન ઓફ ધ યર જાહેર કરવામાં આવી હતી. બ્રાઝિલના ગેબ્રિયલ અરાઉજોને વર્લ્ડ ડિસેબલ સ્પોર્ટ્સપર્સન ઓફ ધ યર જાહેર કરવામાં આવ્યા હતા.

**લોરિયસ એવોર્ડ 2026ના વિજેતાઓ**

| એવોર્ડ | વિજેતા |
|---|---|
| વર્લ્ડ સ્પોર્ટ્સમેન ઓફ ધ યર | કાર્લોસ અલ્કારાઝ |
| વર્લ્ડ સ્પોર્ટ્સવુમન ઓફ ધ યર | આર્યના સબાલેન્કા |
| વર્લ્ડ ટીમ ઓફ ધ યર | પેરિસ સેન્ટ-જર્મન |
| વર્લ્ડ બ્રેકથ્રુ ઓફ ધ યર | લેન્ડો નોરિસ |
| વર્લ્ડ કમબેક ઓફ ધ યર | રોરી મેકઇલરોય |
| વર્લ્ડ ડિસેબલ સ્પોર્ટ્સપર્સન ઓફ ધ યર | ગેબ્રિયલ અરાઉજો |
| વર્લ્ડ એક્શન સ્પોર્ટ્સપર્સન ઓફ ધ યર | ક્લો કિમ |
| વર્લ્ડ યંગ સ્પોર્ટ્સપર્સન ઓફ ધ યર | લેમિન યમલ |
| લૌરેસ સ્પોર્ટિંગ ઇન્સ્પીરેશન | ટોની ક્રૂસ |
| લાઇફટાઇમ અચીવમેન્ટ એવોર્ડ | નાદિયા કોમેનેસી |
| લોરિયસ સ્પોર્ટ ફોર ગુડ એવોર્ડ | ફૂટબોલ માસ |

# કોહલીને કારણે ક્રિકેટને ફોલો કરું છું, ટૂંકમાં ભારત આવીશ : જોકોવિચ



વિરાટ કોહલીને પોતાનો ક્રિકેટ હીરો ગણાવીને. 24 વખતના ગ્રાન્ડ સ્લેમ ચેમ્પિયન નોવાક જોકોવિચે 2026ના લોરિયસ વર્લ્ડ સ્પોર્ટ્સ એવોર્ડ્સ દરમિયાન ખુલાસો કર્યો કે ક્રિકેટમાં રસ પડવાનું કારણ કોહલી હતો. તેણે કહ્યું, કે હા, વિરાટ મારો મિત્ર છે અને હું જેનો આદર કરું છું. સાચું કહું તો, તેના કારણે જ મેં ક્રિકેટને ફોલો કરવાનું શરૂ કર્યું. હું પહેલાં ક્રિકેટને ફોલો કરતો નહોતો, પણ કોહલીએ મને તે જોવાનું શરૂ કરાવ્યું. અમે સંપર્કમાં રહીએ છીએ. આશા છે કે, જ્યારે હું ભારત આવીશ ત્યારે તે મારી સાથે જોડાશે. અમે થોડું ક્રિકેટ અને થોડું ટેનિસ રમીશું, મજા કરીશું અને રમતની ઉજવણી કરતી વખતે સકારાત્મક ઉર્જા ફેલાવીશું. જોકોવિચે કહ્યું કે હું ટૂંક સમયમાં ભારતની મુલાકાત લઈશ કારણ કે હું ત્યાં જવા માંગુ છું.

# પડિકલ, આકિબ નબી સહિત ચાર નવોદિત ભારત વતી ટેસ્ટ રમી શકે

**અફઘાનિસ્તાન** સામેની એકમાત્ર ટેસ્ટમાં સીનિયર ખેલાડીઓને આરામ આપી યુવા ખેલાડીઓને રમાડાશે

નવી દિલ્હી, તા. 21 : ભારતીય પસંદગી સમિતિ જૂનમાં અફઘાનિસ્તાન સામેની એકમાત્ર ટેસ્ટ મેચ માટે ડોમેસ્ટિક ક્રિકેટના તેજસ્વી સ્ટાર્સને તક આપવાનું વિચારી રહી છે. આઈપીએલ 2026ની ફાઈનલ અને આ ટેસ્ટ વચ્ચે ખૂબ જ ઓછો સમય હોવાથી, અને આ મેચ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપનો ભાગ ન હોવાથી, સિનિયર ખેલાડીઓને આરામ આપવામાં આવે તે લગભગ નિશ્ચિત છે. ટીમ ઈન્ડિયાની બેન્ચ સ્ટ્રેન્થ ચકાસવા માટે આ એક સંપૂર્ણ પ્લેટફોર્મ સાબિત થઈ શકે છે.

સિનિયર ખેલાડીઓની ગેરહાજરીમાં, દેવદત્ત પડિકલ, ગુરનુર બ્રાર, આકિબ નબી અને માનવ સુથાર જેવા ખેલાડીઓનું નસીબ ચમકી શકે છે. આ યુવાનોએ સ્થાનિક સિઝનમાં સતત પ્રભાવિત કર્યા છે. પસંદગી સમિતિ માને છે કે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ પોઈન્ટ ન મળે તેવી મેચોમાં સ્ટાર ખેલાડીઓને થાકવાનો કોઈ અર્થ નથી. એક સૂત્રએ જણાવ્યું હતું કે, પસંદગી સમિતિ એક વાત સ્પષ્ટ કરે છે કે તેઓ ઉતાવળમાં નિર્ણયો લેતા નથી. ગુરનુર, માનવ, હર્ષ દુબે, આકિબ અને દેવદત્ત પડિકલે તેમના રમતથી બધાનું ધ્યાન ખેંચ્યું છે. હવે, બધું ટીમ મેનેજમેન્ટ અને મેડિકલ ટીમ વચ્ચેની ચર્ચા પર નિર્ભર રહેશે, કારણ કે સંસાધનોનો યોગ્ય ઉપયોગ પ્રાથમિકતા છે.

## સુડોકુ ૬૫૦૩ - 'ક્રુતિ'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૧ | | ૨ | ૬ | ૭ | | ૮ | ૫ |
| ૯ | | | | ૩ | ૫ | ૬ | | ૪ |
| ૫ | ૬ | | ૮ | ૪ | ૯ | ૩ | | ૭ |
| ૭ | | | | | | ૪ | ૯ | |
| | | ૪ | ૯ | ૭ | ૬ | | ૫ | |
| | | ૯ | ૪ | ૮ | ૨ | ૭ | ૬ | |
| | | | | ૯ | ૪ | ૧ | ૩ | |
| ૩ | ૪ | ૧ | | | | | | ૯ |
| | | | | | ૧ | | ૪ | ૬ |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોકસ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોકસમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોકસમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

સુડોકુ-૬૫૦૨ નો ઉકેલ

## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### સૂવા અને સુવાવડ

ફક્ત પ્રાસ નહીં પણ બને વચ્ચે ગાઢ સંબંધ છે. સ્ત્રીના ભાવિ સ્વાસ્થ્ય માટે કહેવાતું કે સુવાવડ સાચવણી થવી જોઈએ. અર્થાત્ ખોરાક, અભ્યંગ, સ્નાનાદિ, સેક, ઉકાળો, અને ખાસ તો "સવાશેર સૂંઠ". સૂવાનું મહત્વ સદ્ય માતા માટે ઘણું છે. કશ્યપ સંહિતા કહે છે કે સૂવા બૃહણ , બલ્ય, ગર્ભાશય માટે શુદ્ધિકર છે. વાયુનો નાશ કરનાર મંગલ્યા , પાપ નાશિની , સંતાનપ્રદ છે. દૂધ વધારે છે. સૂવા, સુવાવડમાં જરૂર ખાવા જોઈએ .

## શબ્દગુંફન - ૭૨૦૧

અરવિંદ એસ. મારૂ

**આડી ચાવી**
૧. નાળિયેર (૩)
૪. અવિવેક, અસભ્યતા (૪)
૬. ઘોડો (૩)
૯. અધિકારવાળું (૪)
૧૧. તજવીજ, ગોઠવણ (૩)
૧૨. કળશ (૨)
૧૩. હોડી (૨)
૧૪. શરીરની ઊંચાઈ (૨)
૧૬. પ્યાલો (૨)
૧૭. મસાલામાં વપરાતું સોડમવાળું બિયું (૨)
૧૯. ઊનું ઉષ્ણ (૩)
૨૦. સૂર્ય (૨)
૨૧. મક્કાની જાત્રા (૨)
૨૨. ઉપકાર (૨)
૨૩. જુસ્સો, બળ (૨)
૨૪. સરોવર, તળાવ (૩)
૨૬. હશે (૨)
૨૯. આંખ (૩)
૩૧. યોગ્ય કિંમત કરનાર (૫)
૩૪. સાચા મનનું (૪)

**ઊભી ચાવી**
૨. ફેર, તફાવત (૩)
૩. મિત્ર (૨)
૫. અટકચાળું, તોફાની (૫)
૬. બીવાળું (૩)
૭. મિજાજ, આવેશ, ધૂન (૨)
૮. આંટો, ફેરો (૩)
૯. હેરાન, પરેશાન (૩)
૧૦. એક વનસ્પતિ (૨)
૧૨. દેખાતું બંધ થવું તે (૨)
૧૫. પથરો (૩)
૧૬. ઓછી શક્તિવાળું (૪)
૧૭. ગુજરાનનું સાધન (૩)
૧૮. એક દિવસની મજૂરી (૨)
૨૧. દરેક, પ્રત્યેક (૨)
૨૨. પવિત્ર, શુધ્ધ (૩)
૨૫. દરિયો (૩)
૨૬. ચિંતન (૩)
૨૭. પ્રામાણિક (૨)
૩૦. મૃત્યુના દેવ (૨)
૩૨. અભિમાન (૨)
૩૩. લાગણી (૨)

શબ્દગુંફન - ૭૨૦૦ નો ઉકેલ

## આજનું પંચાંગ

**તા. 22/04/2026, બુધવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** વૈશાખ
**તિથિ:** સુદ છઠ : 22:51
**અયન :** ઉત્તરાયન **ઋતુ :** ગ્રીષ્મ
**રાષ્ટ્રિય દિનાંક :** વૈશાખ : 02
**યોગ :** અતિગંડ **કરણ:** કૌવલ
**નક્ષત્ર :** આદ્રા : 22:14
**રાશિ:** મિથુન (ક.છ.ઘ.)
**દિવસ:** સામાન્ય-શ્રીરામાનુજાચાર્યજયંતી,દ.ભા.
**સુરતમાં સૂર્યોદય :** 06:16 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:58
**નવકારસી :** 07:04
**પારસી વર્ષ :** 1395 આદર માસનો 11મો રોજ
**મુસલમાન વર્ષ :** 1447 જિલ્કાદ માસનો 04થો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ
**રાત્રિનાં ચોઘડિયાં:** ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ
**રાહુ કાળ :** બપોરે 12:00 થી 13:30 સુધી

## આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** શુભ સમાચાર મળે. પરીક્ષા અને ઇન્ટરવ્યુમાં સફળતા મળે. નોકરીમાં પ્રમોશન કે પગાર વધારો થાય.

**વૃષભ (બ,વ,ઉ,):** પારિવારિક વ્યવસાયમાં આવકની સાથે નવી યોજના થી લાભ થાય. ઘરમાં ઉત્સવ જેવું વાતાવરણ રહે.

**મિથુન (ક,છ,ઘ,):** મન અતિ ક્રિએટીવ, ચંચળ અને ઉત્સાહી રહે. સમાજમાં સાવધાની રાખવી. શુભ સમાચાર મળે.

**કર્ક (ડ,હ,):** ખર્ચા વધે. સમાજમાં અશાંતિ કોર્ટ કચેરીથી વિલંબ અને વિદેશના કામમાં પ્રગતિના અનુભવ થાય.

**સિંહ (મ,ટ,):** ઉચ્ચ કક્ષાના મિત્રો સાથે વ્યવસાયની શરૂઆત થઇ શકે. આવક વધારવાની તક મળે.

**કન્યા (પ,ઠ,ણ,):** નવા ફેરફારથી રાહત થાય. સમાજમાં યશ મળે. અચાનક સફળતા મળે. ધંધામાં આવક વધે.

**તુલા (ર,ત,):** ધાર્મિક, સાહિત્ય, વિદેશ પ્રવાસ ઉચ્ચ શિક્ષણ, કાયદા કાનૂન, સાહિત્ય વગેરેમાં ભાગ્યનો સાથ મળે.

**વૃશ્ચિક (ન,ય,):** આરોગ્ય સુધરે ખાવા-પીવામાં ધ્યાન રાખવું ગુપ્ત ભય સતાવે. સામાજિક સમસ્યા સતાવે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** નવી તક અને જવાબદારીથી યશ વધે. ઘરમાં અવર-જવર રહે. પારિવારિક પ્રશ્નો સતાવે.

**મકર (ખ,જ,):** ગુપ્ત ભય સતાવે. શત્રુઓથી સાવધાન લેવડ-દેવડમાં ધીરજ રાખવી. નોકરીમાં બોજ વધશે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** વિદ્યાર્થીઓને નવું શીખવા મળે. પ્રેમમાં મદદ મળે. અચાનક ઇનામ કે ભેટ મળી શકે છે.

**મીન (દ,ચ,ઝ,થ,):** ઘરમાં નવા મહત્ત્વના મનગમતા ફેરફાર થાય. રોજના કામમાં અનુકૂળતા રહે. આવક વધશે.

### કોઈ પણ સાલમાં 22 એપ્રિલે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહેશે. નોકરી-ધંધામાં ચડતી-પડતી રહે. આર્થિક બાબતે સામાન્ય રહે. સમાજ પરિવારમાં સામાન્ય રહે. ઉઘરાણીની ચિંતા રહે. સંતાનોના અભ્યાસ કેરીયરમાં સામાન્ય રહે. આરોગ્ય સામાન્ય રહે. નવા ઘર, વાહન, મકાન, બાબતે પ્રગતિ થાય. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં વિઘ્નો આવે. વિદેશનાં કામ ધીમા પડે. વિદ્યાર્થીઓને મહેનતનું ફળ મળે. ઉંમરલાયકને યોગ્ય પાત્ર મળે. નોકરી ધંધામાં ટેકનોલોજી અને નવી નીતિ પ્રમાણે કામ કરવું પડે. વારસા, જાયદાદ, જમીન જેવાં કામ ધીમાં પડે. વધારાની આવક માટે મિત્રો વડીલોની મદદ મળતી રહે. વર્ષ દરમિયાન સંઘર્ષ અને હરીફોની હેરાનગતિ સતાવશે. યાત્રા-પ્રવાસ ધર્મ-કર્મ થાય. જૂન જુલાઇ, રવિ, સોમ, બુધ, 04-13-22-31 તારીખે નવા કામ કરવાં. ભૂરા રંગનો ઉપયોગ કરતા રહેવું. નવેમ્બર ડિસેમ્બર શનિ, શુક્રવાર, 07, 16, 25 તારીખે નવા કામ ટાળવા સફેદ રંગનો ઉપયોગ ઓછો કરવો રાહુના ઉપાયો કરતા રહેવું.

## અનુસંધાન ... પાના પહેલાનું

### આજે ઇરાન...

ઈરાનનું કોઈ પ્રતિનિધિમંડળ હજુ સુધી ઈસ્લામાબાદ પહોંચ્યું નથી. ઈરાની સરકારી ટીવી પર લાંબા સમયથી કટ્ટરપંથીઓનું વર્ચસ્વ રહ્યું છે, અને આ સૂચના ઈરાની શાસનતંત્રની આંતરિક ખેંચતાણને પ્રતિબિંબિત કરે છે, જે હાલમાં વીકએન્ડ દરમિયાન અમેરિકી નૌકાદળ દ્વારા ઈરાની કન્ટેનર જહાજને જપ્ત કરવાના મામલે પ્રતિભાવ આપવા પર વિચાર કરી રહ્યું છે.

### દિલ્હી ડાયરી...

જોડીને અને પોતાની અનોખી સ્મિત સાથે આસપાસ નજર દોડાવીને સાથી નેતાઓનો આભાર માન્યો હતો.

### મંદિર મુક્તિઃ મોદી સરકાર અને સંઘના સંગઠનો આમને-સામને

સુપ્રીમ કોર્ટમાં ચાલી રહેલી શબરીમાલા કેસની સુનાવણીએ ભગવા છાવણીની અંદરના જ મતભેદોને સપાટી પર લાવી દીધા છે, અને તે પણ એવા મુદ્દે જે તેમના સમર્થકોના હૃદયની ખૂબ નજીક છેઃ મંદિરોને સરકારી નિયંત્રણમાંથી મુક્ત કરવા.

ભારતના ચીફ જસ્ટિસ સૂર્યકાંતના અધ્યક્ષપદ હેઠળની નવ ન્યાયાધીશોની બેન્ચ સમક્ષ ભાજપ શાસિત કેન્દ્ર સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલી રજૂઆતો નરેન્દ્ર મોદી સરકારની મંદિરો પરનું સંપૂર્ણ નિયંત્રણ શ્રદ્ધાળુઓને સોંપવાની અનિચ્છા દર્શાવે છે - જે બાબત માટે ભાજપ વારંવાર વિરોધ પક્ષો દ્વારા શાસિત રાજ્યો પર આરોપ લગાવતો આવ્યો છે. કેન્દ્રના આ વલણનો વિરોધ કરનારાઓમાં 'આરએસએસ પ્રેરિત' કેરળ ક્ષેત્ર સંરક્ષણ સમિતિ સહિત અનેક હિન્દુ સંગઠનોનો સમાવેશ થાય છે.

આ બેન્ચમાં જસ્ટિસ બી.વી. નાગરથના, એમ.એમ. સુંદરેશ, અહસાનુદ્દીન અમાનુલ્લાહ, અરવિંદ કુમાર, ઓગસ્ટિન જ્યોર્જ મસીહ, પ્રસન્ના બી. વરાલે, આર. મહાદેવન અને જોયમાલ્ય બાગચીનો પણ સમાવેશ થાય છે. આ બેન્ચ 2018ના સુપ્રીમ કોર્ટના એ ચુકાદાની સમીક્ષા કરતી અરજીઓમાંથી ઉદ્ભવતા સાત બંધારણીય પ્રશ્નોની તપાસ કરી રહી છે, જે ચુકાદાએ કેરળના પર્વત પર આવેલા મંદિરમાં મહિલાઓના પ્રવેશ પરના પ્રતિબંધોને હટાવી દીધા હતા. બેન્ચ સમક્ષ રહેલા મુખ્ય પ્રશ્નોમાંથી એક 'બંધારણની કલમ 25 હેઠળ વ્યક્તિઓના અધિકારો અને કલમ 26 હેઠળ ધાર્મિક સંપ્રદાયોના અધિકારો વચ્ચેનો પરસ્પર સંબંધ' છે. આ સંદર્ભ ધર્મ, ધાર્મિક સંપ્રદાયો અને સરકાર વચ્ચેના સંબંધો સાથે વ્યવહાર કરવા માટેના બંધારણીય માળખાની મર્યાદાઓનું પરીક્ષણ કરી રહ્યો છે.

### સિએટલમાં એમેઝોન હેડક્વાર્ટર પાસે સ્વામી વિવેકાનંદની પ્રતિમાની સ્થાપના

અમેરિકાના સિએટલ શહેરમાં એમેઝોન હેડક્વાર્ટરથી માત્ર થોડા જ મીટરના અંતરે સ્વામી વિવેકાનંદની એક આદમકદ પ્રતિમા સ્થાપિત કરવામાં આવી છે. આ પ્રતિમા એવા શહેરમાં એક નવું સાંસ્કૃતિક સીમાચિહ્ન બનશે જે મોટી સંખ્યામાં ભારતીય ટેકીઓ (આઈટી પ્રોફેશનલ્સ)નું ઘર છે.

વાસ્તવમાં, આવી પ્રતિમાને સ્થાપિત કરનારું આ અમેરિકાનું પ્રથમ શહેર છે. ભારતના સાંસ્કૃતિક પ્રસારના પ્રયાસોના ભાગરૂપે ઇન્ડિયન કાઉન્સિલ ઓફ કલ્ચરલ રિલેશન્સ (આઈસીસીઆર) દ્વારા આ કાંસ્ય પ્રતિમા ભેટમાં આપવામાં આવી છે. આ અગાઉ ઓગસ્ટ 2025માં, સિએટલના 605 ફૂટ ઊંચા પ્રસિદ્ધ લેન્ડમાર્ક 'સ્પેસ નીડલ' પર ભારતનો તિરંગો લહેરાવવામાં આવ્યો હતો. આ સીમાચિહ્ન પર કોઈ વિદેશી રાષ્ટ્રનો ધ્વજ લહેરાવવામાં આવ્યો હોય તેવી તે પ્રથમ ઘટના હતી.

### ન્યૂઝીલેન્ડમાં ભારે...

કે વેલિંગ્ટનમાં એક કલાકથી પણ ઓછા સમયમાં 77 મીમી (3 ઈંચ) વરસાદ પડ્યો હતો, જે અત્યાર સુધીનો સૌથી ભારે વરસાદ છે. સી જે કોશરે 'ન્યુઝીલેન્ડ હેરાલ્ડ'ને જણાવ્યું કે તેઓ સૂતા હતા ત્યારે છત પરથી આવતા જોરદાર ગડગડાટના અવાજને કારણે જાગી ગયા હતા. તેમણે અખબારને જણાવ્યું કે, "અચાનક, થોડી સેકન્ડો પછી, મેં જોયું કે દિવાલમાં તિરાડો પડી રહી છે અને આખી દિવાલ તૂટી પડી.

### આખા વીડિયો...

માં, 'જે વિઝ્યુઅલ ડિસ્પ્લેમાં પ્રોમિનન્ટ વિઝિબિલિટી સુનિશ્ચિત કરે છે' તે શબ્દોના સ્થાને, 'જે વિઝ્યુઅલ ડિસ્પ્લેમાં સામગ્રીના સમગ્ર સમયગાળા દરમિયાન આવા લેબલનું સતત અને સ્પષ્ટ પ્રદર્શન સુનિશ્ચિત કરે છે' તેવા શબ્દો અને વિરામચિહ્નો બદલવામાં આવશે. મંત્રાલયે વધુમાં જણાવ્યું હતું કે તે જાહેર પરામર્શ માટે આ વધારાના સુધારાઓ મૂકી રહ્યું છે જેથી હિતધારકોને અગાઉના ડ્રાફ્ટ સુધારાઓની સાથે આ નવા ફેરફારોની તપાસ કરવાની અને તેના પર પ્રતિસાદ આપવાની તક મળી શકે.